સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ગૂંચવાઇ જાય ગાંઠોમાં, ખોલતાં આવડે નંઇ!
ને ભાષા હતી ઉગ્ર નમ્ર બોલતાં આવડે નંઇ!
આવડે નંઇ સાંસદી ભાષા અમને, કરવું શું?
મળી ગઇ ગાદી ઓચિંતી, બેસતાં આવડે નંઇ!

મનપા માર્ગે -
'તર' ની તરકીબ -
રસ્તા નું સ્તર..
(રીસર્ફેસીંગ)

ખેલાય ખેલ
કેન્દ્ર કોચીંગ કેમ્પ!!
રમતોત્સવ!!

ચિંતન

આશા અવલંબોપચિતા ન કસ્ય તૃણા લત્તાનર્થકૃતં પ્રસૂતે ।
દિને દિને લબ્ધ રૂચિર્વિવસ્વાન્મીનં ચ મેષ ચ વૃષં ચ ભુક્તે ॥

'સદાય આશા ના અવલંબનની રહેતી તૃષ્ણારૂપી લત્તા-વેલ કોને અનર્થરુપી ફળ નથી આપતી જેમ કે દિવસે દિવસે જેની રૂચિ-કાંતિ-પ્રકાશ વૃદ્ધિ થઇ છે એવો સૂર્ય પ્રકાશ, પ્રથમ મીન રાશિ, પછી મેષરાષિ અને પછી વૃષભ રાશિને ભોગવે છે તેમ, મતલબ કે હિંસક પ્રાણીને પહેલાં મીન (માછલાં) ખાવા મળે ત્યારે અને તે પછી મેષ (બકરા) ખાવાની ઇચ્છા જાગે છે અને જયારે મેષ-બકરો મળી જાય ત્યારે તેનું મન-તૃષ્ણા વૃષભ - (બળદ)ની ઇચ્છા કરે છે. માનવજીવન આશાઓનું સ્વરુપ આમ ને આમ મોટું થતું જાય છે.'

આશા-તૃષ્ણા-ઇચ્છાઓ કદી પરિપૂર્ણ થતી નથી. સામાન્ય માનવી આ આશાના મૃગજળ પાછળ સંસારના રણમાં હમણાં પાણી મળી જશેની આશામાં દોડ્યા કરે છે અને અંતે થાકી-પાકી હતાશ થઇ ઢળી પડે છે.

એક નાની ઇચ્છા પૂરી થાય કે તરત બીજી એનાથી મોટી ઇચ્છા જન્મે છે, આમ ઇચ્છાઓ-આશાઓનું પ્રમાણ દિવસો-દિવસ વધતું અને મોટું થતું જાય છે.

સુવિચાર

- સભાનપણે કરેલા નિરીક્ષણને થોડો સમય અંતરમાં જમા રાખો.. તેના પર શાંતચિત્તે મનન કરશો તો અનુભવની આંખ ખૂલવા લાગશે - એસ. ભટ્ટાચાર્ય
- વિષના ઘડા પછી અમૃતકુંભ આવશે જ... જો શ્રદ્ધાથી ધીરજપૂર્વક વલોણું કરવાની તૈયારી હશે તો - સમયસૂત્ર
- વિશ્વાસનો સંગ છોડી શ્રદ્ધાએ એકલા ન રહેવું જોઇએ.. શ્રદ્ધા જો પત્ની છે તો વિશ્વાસ પતિ છે - આચાર્ય ભાનુચંદ્રવિજયજી
- ઇશ્વર તત્ત્વવાણી અને બુદ્ધિથી પર છે. વાણીથી પણ ન વર્ણવી શકાય તેવું સુખ જીવ અને શિવની એકતા સધાય ત્યારે મળે છે - ધર્મસૂત્ર
- આજીવિકાના માધ્યમને, જીવનની સાધનાનું સાધન, પ્રમાણિકતાથી બનાવી શકાય છે - અખંડ આનંદ
- વિષમ પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ માનવીના આત્માનો પ્રકાશ વધુ ઝળહળી ઊઠે છે - ઝેન કથન
- જીવન સંજોગો અને સમયનું મિશ્રણ છે. દેશ, કાળ, સ્થળ અને સમયને ઓળખીને સૌએ આવી પડેલા સંજોગોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીને શ્રેય સાધવું જોઇએ - જીવનસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

લગ્ન, જન્મદિવસ કે લગ્નતિથિના અપાતી ભેટોમાં હંમેશા લગભગ વસ્તુ-ભેટની કિંમત પરથી આપનારનો પ્રેમ-લાગણીને તોલવામાં આવે છે આ બરાબર નથી. વ્યક્તિનો 'ભાવ' જોવો જોઇએ.

વાઇસરોય, લોર્ડ માઉન્ટબેટનના ભત્રીજા પ્રિન્સ ફિલીપના લગ્ન પ્રિન્સેસ એલિઝાબેથ સાથે નક્કી થયા. આ ખૂશખબર આપવા લોર્ડ માઉન્ટબેટને ગાંધીજીને રૂબરૂ બોલાવ્યા અને કહ્યું મારે હવે લંડન જવું પડશે.

ગાંધીજીએ કહ્યું તમે ક્યારે જવાના છો? લોર્ડે કહ્યું આવતા મહિને હું રવાના થઇશ.

ગાંધીજી કહે - આમ તો હું અકિંચન છું પણ લંડનની મહારાણીને મારા હાથે બનાવેલી એક ભેટ આપવાની ઇચ્છા છે તો તે આપ પહોંચાડશો? માઉન્ટબેટને ખાતરીપૂર્વક હા પાડી.

બરાબર પંદર દિવસ પછી ગાંધીજીએ જાતે રૂમાંથી સૂતર કાંતી મહારાણી માટે એક ટેબલ ક્લોથ બનાવ્યું અને ભેટ સાથે એક ચિઠ્ઠી પણ મોકલી. કહ્યું મહારાણીને કહેજો આ ટેબલક્લોથ મેં જાતે જ બનાવ્યું છે. ચિઠ્ઠીમાં ગાંધીજીએ લખ્યું હતું. અંગ્રેજોએ ભારત હવે છોડવું જ જોઇએ પણ મિત્ર તરીકે છૂટાં પડવું જોઇએ..

મહારાણી ગાંધીજીની ભેટ જોઇ ગદ્‌ગદ્ થયાં.

Email - sureshchandrabhatt18@gmail.com

જેવા જેવા કર્મો તેવા તેવા ફળનો વ્યાપક તથા સાર્વત્રિક નિયમ છે

સંસ્કાર ચિંતન

- અનંત. ન. વ્યાસ

'યત્‌કર્મ કુરુતે તદભિસંયદ્યતે'

જે વ્યક્તિ પોતાના સંકલ્પ અનુસાર કાર્ય કરે છે તે કર્મ અનુસાર તેનું ફળ પણ પ્રાપ્ત કરે છે.

બૃહદ, આ. ઉપનિષદ ૪.૪.૫

કર્મના કાયદા માટે તો ઘણું લખાયું છે. કર્મની વિગતે ચર્ચા વિવિધ શાસ્ત્રીય ગ્રંથોમાં મળે છે. વિશ્વના તમામ ધર્મોએ એક યા અન્ય નામે તમે કર્મસત્તાને સ્થાન તથા મહત્ત્વ આપ્યું છે. આમ છતાં યુવાન માનસ આ કર્મ સત્તા કે કર્મના સિદ્ધાંત માનવા તૈયાર થતા નથી. તેઓ કહે છે કર્મ-બંધન જેવું કશું નથી. આ તો સમાજ નીતિ નિયમો પર ચાલે તે માટે ઊભો કરવામાં આવેલો ભ્રમ કે ડર છે. આ જ સુધી કોઇ પણ વ્યક્તિએ પોતાના ભૂતપૂર્વ જન્મ અને તેમાં કરેલાં કર્મોની વાત કરી છે ખરી? પૂર્વજન્મના પુરાવો મળે છે પણ પૂર્વજન્મના કર્મને કારણે આ જન્મમાંની સ્થિતિનો એકાદ પુરાવો પણ મળતો નથી તો શા માટે આ નિયમ માનવા?

યુવાન માનસના આ પ્રશ્નો છે. આ સાથે આપણને અમુક સમયે અમુક કર્મ કરવાનું મન કેમ થાય છે? એક સરખા બે પ્રસંગોમાં આપણું વર્તન અલગ-અલગ કેમ હોય છે. તેનો ખુલાસો મળતો નથી. આ માટે થોડું ચિંતન કરવું જોઇએ કે આપણએ આમ કેમ વર્ત્યા? કોઇ પણ વર્તન કે વાત સમજવાના બે માર્ગ. પરોક્ષ કે પ્રત્યક્ષ. જ્ઞાનનો માર્ગ તથા અનુમાનનો માર્ગ, આપણે જ્ઞાનેન્દ્રિયો મારફત પ્રત્યક્ષ જ્ઞાન મેળવી શકીએ. આ જે મેળવીએ છીએ તે જ્ઞાન કરતાં માહિતી વધારે હોય છે. આંખોથી થયેલા દર્શનને આપણે પ્રત્યક્ષ માનીએ છીએ પણ ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાન તો કેવળ આત્મજ્ઞાન જ છે. આપણા ચિત્તમાં પ્રકાશિત થાય છે. જયારે કર્મના નિયમનો, પરમાત્માના સ્વરુપ, તેની વ્યાપકતા ઇત્યાદિ વાળો પ્રત્યક્ષ કે પરોક્ષ જ્ઞાનમાં આવતી નથી. આ અનુમાનના વિષય છે. ન્યાય-દર્શન પ્રમાણે અનુમાનથી પ્રાપ્ત થતા જ્ઞાનને જ્ઞાન ગણવામાં આવે છે. કર્મના સિદ્ધાંતો પર પણ ઘણી ઘણી વિચારણાઓ થઇ છે. કર્મ સિદ્ધાંત સમજવા માટે આત્મા સાથેના તેના અનુબંધનો પણ વિચાર કરવો પડે. જૈન- દર્શનમાં આત્માની ત્રણ દશા અથવા તો સ્થિતિ દર્શાવી છે. બહિરાત્મા - જે પોતે કર્મથી બંધાયો છે તેવું જ્ઞાન ધરાવતો નથી. અંતરાત્માને આ જ્ઞાન છે તથા તેમાંથી મુક્ત થવાનું છે. તેમ જાણે છે અને પરમાત્મા - દશા જે મુક્ત થઇ ગયો છે તે કોઇ પણ વ્યક્તિ તમામ કર્મોમાંથી મુક્ત થઇ પરમાત્મા - દશાને પામી શકે છે. જૈનોમાં અન્ય હિંદુ સમાજની જેમ સર્વવ્યાપક સત્તાધારી ઇશ્વરની માન્યતા નથી.

આ વિશ્વમાં આપણે અનેક પ્રકારની વિસંગતાઓને જોઇએ છીએ. એક જ સમાજમાં વસતા માનવીના રુપરંગ, આકાર, પ્રકાર, જ્ઞાન-અજ્ઞાન, સ્વભાવ, તેમ અન્ય પ્રકારની વિસંગતા જણાય છે. આવું શા માટે છે તેનો જવાબમાં કર્મના કાયદાને વ્યક્ત કરવામાં આવે છે. સામાન્ય માનવી પરમાત્મા કે ઇશ્વર પર દોષ ઢોળે છે. શાસ્ત્ર પ્રમાણે તો આત્મા એ જ પરમાત્મા છે અને આત્મા તો અસંગ છે. આત્માને તો કંઇ સ્પર્શતું નથી. ઉપાધિયુક્ત આત્મા જ જીવાત્મા બને છે આ જીવાત્મા જયારે સ્થુળ શરીરને છોડી જાય છે ત્યારે શરીર તો અત્રે પડ્યું રહે છે પણ કારણ દેહ - જીવ સાથે જોડાઇને તેની સાથે જાય છે. આ કારણ દેહ જ તમામ વાસનાઓ, સંકલ્પોનો બનેલો અતિ સૂક્ષ્મ દેહ છે. તમામ કર્મો આ કારણે દેહ સાથે બંધાયેલા હોય છે એ ભવોભવ ગુમાવ્યા સાથે જોડાયેલા રહે છે. તેથી તેના દરેક જન્મમાં સાથે હોય છે.

આ કારણે દેહ કોમ્પ્યુટર સમાન છે. સામાન્ય કોમ્પ્યુટરમાં આપણે ડેટા-ફીડ કરવો પડે છે. આ કારણે દેહમાં આપણે જે સમયે જે કર્મ કરીએ છીએ તેની નોંધ લેવાય જાય છે તેટલું જ નહી પણ એ કર્મનું જે ફળ હોય તે પણ લખાઇ જાય છે. વિજ્ઞાનમાં જેમ નાનકડી ચિપ્સમાં માહિતીનો ભંડાર હોય છે તેમ આ અતિ-સૂક્ષ્મ કારણ દેહમાં પણ જનમોજનમના માહિતીના ભંડારો ભર્યા હોય છે. સમાજમાં વિધાતા - ચિત્રગુપ્ત તથા ધર્મરાજા કર્મની નોંધ રાખે છે. અને તે પ્રમાણએ ન્યાય તોલે છે. તેવું સમજાવવામાં આવે છે. પણ ન તો કોઇ ચિત્રગુપ્ત છે ન તો તેનો ચોપડો - સારા માઠા તમામ કર્મોની નોંધ આ કારણ દેહમાં જ થાય છે. કર્મની સત્તાને આથી પડકારી શકાતી નથી. જેવા જેવા કર્મો તેવા તેવા ફળનો વ્યાપક તથા સાર્વત્રિક નિયમ છે. આ સત્તામાં કોઇ અપવાદ પણ નથી. માત્ર અશુભ કર્મો જ આપણા સુખ ભોગવવાથી હોય તો એવાં કર્મો કરવા જેની નોંધ ને ફળ શાંતિ હોય. ભગવાન શ્રીકૃષ્ણે પણ આસક્તિ વિના જ કર્મ કરવાની સલાહ આપી છે. કર્મમાં પ્રવૃત્તિ કરતાં વૃત્તિ વધારે મહત્ત્વની મનાય છે.

કર્મની વ્યવસ્થા પણ ગહન તથા સચોટ છે. માટે જ કૃષ્ણ કર્મ તથા અકર્મને તથા વિકર્મને યોગ્ય રીતે સમજવાની વાત કરે છે. ઉપનિષદોણાં જણાવાયું છે કે પુરુષ કામનાઓ તથા ઇચ્છાથી ભરેલો હોય છે. પોતાની કામનાઓ તૃપ્ત થાય તેવા જ સંકલ્પો માનવી કરતો હોય છે અને જેવા તેના આ સંકલ્પો તેવા તેનાં કર્મો. સારા શુભ કે પવિત્ર સંકલ્પો કરનારના કાર્યો પણ તેવા જ શુભ હોય છે. ખોટા અશુભ સંકલ્પોમાં રાચતા માનવીના કાર્યો પણ અશુભ કે ઘાતકી હોય છે. કર્મ - દેહમાં આ તમામ નોંધ થાય છે ને ફળની પ્રાપ્તિ લખાય છે.

હવે પ્રશ્ન એ થાય કે કર્મનું ફળ ક્યારે મળે? આ ભવમાં જ મળી જાય ખરું? આ માટે શાસ્ત્રકારોએ સ્પષ્ટતા કરી. તેમજ સમય ગાળો પણ નક્કી કર્યો. સહજ રીતે વિચારીએ તો આપણે જે પ્રવૃત્તિ કે કર્મ કર્યું તેની નોંધ કારણ-દેરમાં થઇ ગઇ. કારણ દેહ તો જીવ સાથે જ સંકળાયેલો છે. તેમાં ઘણા ઘણા અવતારો દરમિયાન કરવામાં આવેલા કર્મોની નોંધો ક્રમબદ્ધ મુકાયેલી છે. જેમ જેમ ઉપરી હાર ખાલી થતી આવે તેમ તેમ આગળ વધતું જવાય, અર્થાત આગળના કર્મો ભોગવાતા જાય અને નવાં કર્મો ઉમેરાતા જાય. આમ કર્મ ભોગવવાથી સમયગાળો ઘટે યા વધે.

જૈન દર્શનમાં કર્મ વિષયક સહજ જુદા પ્રકારની સમજ આપવામાં આવી છે. 'કર્મવાદના રહસ્યો' એ ગ્રંથમાં ડો. ચંદ્રહ્રાસ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે 'જૈન દર્શન કર્મને દ્રવ્ય કે પદાર્થના સ્વરુપમાં માને છે. દરેક પદાર્થ - જેમ અણું - પરમાણુથી બનેલો છે. તેમ કર્મની પણ પરમાણુ રજથી બને છે. આ પરમાણુ રજ સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપેલી છે. મનના કેટલાક વર્ષોના કારણે તથા મન-વાચા કે કાયાના યોગથી આ કર્મ પરમાણુ રજ જીવ સાથે સંબંધ આવે છે જો તેમાં ઓતપ્રોત થઇ જાય છે. જડ પરમાણું રજ તથા ચૈતન્ય જીવનના સંયોગથી કર્મનો જન્મ થાય છે. આપણે જ્ઞાનેન્દ્રિય કે અન્ય ઇન્દ્રિયો દ્વારા પ્રવૃત્તિ કહીએ છીએ. જેની નોંધ કારણ દેહમાં રખાય છે.'

'જન્મ મરણ તો પ્રભુના હાથની વાત છે' તેવું સૌ કોઇ માને છે. મરણનો કોઇ ચોક્કસ સમય- વાર કે તીથિ તો આપણે નક્કી નથી કરી શકતા. પરંતુ આયુષ-મર્યાદાને લંબાવવી કે ટુંકાવવી તે તો આપણાં હાથમાં છે. અમુક સંપ્રદાયમાં એવી માન્યતા છે કે પરમાત્માએ શ્વાસનો ચોક્કસ અંક જીવન માટે નિશ્ચિત કર્યો હોય છે. જો ઝડપથી શ્વાસ લેનારની આયુષ્ય મર્યાદા ઘટે છે જયારે ધીમા શ્વાસ લેનાર - પ્રાણાયામ કરનારનું આયુષ્ય વધે છે. જૈનો તો ઇશ્વરમાં માનતા નથી પણ પૂર્વ-કર્મ અનુસાર કર્મ-ઉર્જાનો ચોક્કસ જથ્થો દરેકને ફાળવવામાં આવે છે તેમ માને છે. અશુભ કે અયોગ્ય કર્મ કરવાથી કર્મ - ઉર્જાનો ઘટાડો ત્વરિત થાય છે. જયારે શુભ કર્મ કરવાથી આ ઊર્જા થોડી વપરાતા જથ્થો લાંબા સમય ચાલે છે. આમ મૃત્યુનો ચોક્કસ સમય નહિ પણ વય-મર્યાદાને પણ કર્મ સાથે સાંકળવામાં આવી છે.

ભૂતકાળમાં એટલે કે આગળા ભવમાં આપણે જે કંઇ કર્યું અન્ય પ્રત્યે જેવો વર્તાવ કર્યો, કોઇને પારાવાર દુઃખી કર્યા કે કોઇને મદદ કરી. આ તમામ શુભ-અશુભ કર્મોની નોંધ આપણા જ દેહમાં થઇ ગઇ. આ એક સ્વમૂલ્યાંકનની પ્રક્રિયા છે. એટલે આપણી આજની વાસ્તવિક સ્થિતિ માટે દોષભાગી કે આપણે પોતે છીએ. આ માટે ન તો પરમાત્મા કે ન તો અન્ય વ્યક્તિ દોષિત છે. આ વાત યોગ્ય-સ્વરુપે સમજાય તો સમાજના કેટકેટલા પ્રશ્નો આપોઆપ ઉકલી જાય. કર્મના રહસ્યને જાણવા માટે ચિંતન મનન તથા ગ્રંથોનો અભ્યાસ આવશ્યક છે.

સ્મૃતિ એટલે સ્મરણશકિત-યાદશકિત, સ્મૃતિ પણ પ્રભુનું વરદાન છે, પૂર્વ અનુભવોનો સંગ્રહ સ્મૃતિને કારણે શકય છે

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

સીતા-કુન્તાને યાદ કરીલે, યાજ્ઞસેનીને સાદ કરીલે,
ભૂતકાળને ભૂલીને તું, ભોગે કાં ભારખાણી?
આંખ મહી આસાર અમીની, જવાળા પણ એમાં અગ્નિની,
તું સંરક્ષક સંસ્કૃતિની, તું ના અબળા પ્રાણી!
પ્રભુ જન્મ ધરતો તવ કુખ, કૃષ્ણ યશોદા ચરણ ઝૂકે,
વિશ્વપિતાના કરકમળે તું માતા થઇ પૂજાણી!

(સ્વા. ગીતમાલા-૩)

● સ્ત્રીઓમાં રહેલો ચોથો ગુણ - સ્મરણશક્તિ

સ્મૃતિ એટલે સ્મરણશકિત યાદશકિત. સ્મૃતિ પણ પ્રભુનું વરદાન છે. પૂર્વ અનુભવોનો સંગ્રહ સ્મૃતિને કારણે શક્ય છે. ઘર ચલાવવામાં, બાળ ઉછેરમાં, બાળકોના શિક્ષણમાં અરે રોજીંદા વ્યવહારની અનેકવિધ બાબતો યાદ રાખવામાં સ્મરણશકિત બહુ જ કામની છે. સ્વધર્મ, રસોઈકળા, આરોગ્યવિદ્યા, સંગીતકલા, ચિત્રકલા જેવી અનેકાનેક વિદ્યાઓ સ્ત્રીઓ માટે જરૂરી છે. એ વિદ્યાઓ મારફતે પોતાના જીવનમાં પ્રેમ અને રસિકતા ફેલાવે છે. ઘણા લાંબા સમય પૂર્વે બની ગયેલી નાની નાની બાબતો પુરુષોને યાદ રહેતી નથી. પણ સ્ત્રીઓને એ બધું બરાબર રીતે યાદ હોય છે. જો કે સ્ત્રીઓને પોતાના અજ્ઞાનપણાને લીધે જ ઘણી વાર સાવ નકામી ક્ષુલ્લક કચરા જેવી વાતો મગજમાં ભરી મૂકવામાંજ પોતાની શકિત વેડફી મારે છે. જેમ કે ઘણા વર્ષો પર કોઈને ત્યાં જમણવારમાં શાક કે દાળ બગડી હોય તે વાત યાદ રાખી મૂકે છે અને સૌની આગળ તેનું પારાયણ પણ કર્યા કરે, પોતાના ત્યાં પ્રસંગમાં કોણ આવ્યા કોણ ન આવ્યા તેની યાદી તેઓના મગજમાં ભમ્યા કરે છે. અને અવારનવાર જેની તેની આગળ વાગોળ્યા કરે છે. પોતાના મંદવાડની કે પોતાના સગાઓના મરણની ઝીણીઝીણી વાતો ગોખ્યા કરે છે. અને એવી વીતી ગયેલી વાતો પણ ખાસ ચાહી ચાહીને પોતાના મનને ઉદાસ રાખ્યા કરે છે. કોઈકવાર વેવાણો સાથે વાંધાવચકા પડ્યા હોય કે પડોસણોની સાથે કાઈ બોલાચાલી થઈ હોય તે છેક જિંદગીના અંત સુધી યાદ કર્યા કરે છે. તેઓને આ બધી બાબતોના જાણે સ્વપ્ના આવ્યા કરતા ના હોય!!!! એટલું જ નહિ તક મળે ત્યારે એકની એક વાતો સૌ આગળ કર્યા જ કરે છે. આવી ફોગટફાલતું વાતોમાં પોતાની અમૂલ્ય ઈશ્વરદત્ત સ્મરણ શકિત ખોઈ નાખે છે. તેઓને મળેલી સ્મરણશકિત અમૂલ્ય છે. ઈશ્વરની દેણ છે. તેમણે તો વિચાર કરવો જોઈએ કે આપણે શતાવધાની પ્રયોગ કરનાર શ્રીમદ રાજચંદ્રજી કે જૈન મૂનીવરોની અદભૂત સ્મરણ શકિતથી આખું વિશ્વ દંગ થઈ જાય છે. કારણ કે આ સ્મરણ શકિત ઈશ્વરનો મહાન ગુણ છે. જો ઈશ્વર પોતે કોઈ એક વસ્તુને એક ક્ષણ પણ ભૂલી જાય તો એ વસ્તુના શું હાલ થઈ જાય એ જરા કલ્પી તો જુઓ! પણ કોઈ પણ વસ્તુને કે કોઈ પણ જીવને ઈશ્વર કદી ભૂલી જતો નથી. આ સ્મરણ શકિત દ્વારા પ્રભુ દર્શન થઈ શકે છે આ મહાન તાકાત સ્ત્રીઓને મળેલી છે. માટે આપણે સ્ત્રીઓને માન આપવું જોઈએ અને તેઓને મળેલી આ સ્મરણ સમ્પદાનો સદુપયોગ કરતા શીખે એ પણ અત્યંત જરૂરી છે...

● સ્ત્રીઓમાં રહેલો પાંચમો મહાન ગુણ - બુદ્ધિ

મેધાએ ધારણ શકિત છે. આનાથી અધ્યાત્મવિદ્યા સ્થિર થાય છે. (સ્મૃતિ ગ્રહણશીલ, બુદ્ધિ વિચારશીલ, પ્રજ્ઞા ચિંતનશીલ છે. તો મેધા એ ધારણશીલ છે.) સિદ્ધાંતો કે જીવનમૂલ્યો પર સ્થિર રહેવું એ મેધાના કારણે શક્ય બને છે. સાવ સરળ ભાષામાં કહીએ તો મેંધા એટલે ઠરેલી બુદ્ધિ, ધારણા રહે એવી સમજણ, બહુ વાંચવાની, બહુ સંભાળવાની ને બહુ સમજવાની શકિતને મેધા કહે છે. આ શકિત સ્ત્રીઓમાં બહુ સારી રીતે રહેલી છે. અને એ શકિતમાં પ્રભુ પોતે રહેલા છે. કારણકે બુદ્ધિ એટલે શું? વિદ્વાનો કહે છે કે બુદ્ધિ એટલે અલૌકિક ઈશ્વરી તત્વ, બુદ્ધિ એટલે જગતની ઉન્નતિનું મૂળ, બુદ્ધિ એટલે કુદરતના રહસ્યો સમજવાની કૂંચી ચાવી, બુદ્ધિ એટલે ધૂળમાંથી સોનું બનાવવાના અને નરમાંથી નારાયણ બનાવવાનો કીમિયો, બુદ્ધિ એટલે સંસારમાં સ્વર્ગ લાવનારી મહાશકિત, બુદ્ધિ એટલે જીવ અને શિવને જોડનારી કડી, બુદ્ધિ એટલે સર્વ ચમત્કારોનું કેન્દ્રબિંદુ, બુદ્ધિ એટલે મનુષ્યની કામદૂધા, બુદ્ધિ એટલે જીવાત્માને ઉડવાનું વિમાન, બુદ્ધિ એટલે એક જાતનું મહાન આકર્ષણ, બુદ્ધિ એટલે એક જાતનું અનુપમ સૌંદર્ય, બુદ્ધિ એટલે એક માંથી અનેક સર્જવાનું સામર્થ્ય, બુદ્ધિ એટલે ઈશ્વરના મંદિરનો દરવાજો, અને બુદ્ધિ એટલે ઈશ્વર પોતે; કારણકે ઈશ્વર જ્ઞાનસ્વરૂપ છે માટે તે બુદ્ધિમાં રહેલો છે અને બુદ્ધિ તેનામાં રહેલી છે આવી મેધા શકિત સ્ત્રીઓને મળેલી છે. પણ આવી પ્રતિભા દેખાતી નથી તેનું કારણ એ જ કે તેઓનો સ્વભાવ પ્રકૃતિ, તેઓનું શરીર બંધારણ, તેઓની રોજીંદી દિનચર્યા, આજુબાજુના સંજોગો, દેશકાળની સ્થિતિ મુજબ કેળવણી અપાતી નથી ને તેઓની કુદરતી અદભૂત બુદ્ધિ મેધા ને દાબી દેવામાં આવે છે. આપણે વળી પાછુ લોક બોલીમાં ટોણો મારીએ પણ ખરા કે, 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ... સ્ત્રીઓને મોકળાશ આપીએ એ જ અગત્ય નું બુદ્ધિને દાબી દેવી એતો મહા પાતક ગણાય એના માઠા પરિણામો જે તે સમયે જે તે સમાજ ભોગવતો જ હોય છે માટે સ્ત્રીઓમાં રહેલી મહાન શકિત મેધાને ખીલવવી જોઈએ.

(અપૂર્ણ)

સ્પર્શમણિ

ધાર્મિક વ્યવહાર એટલે પાંડુરંગ શાસ્ત્રી (પૂ.દાદા) ના મત મુજબ એવો વ્યવહાર કે જેના લીધે સ્ત્રીનું સ્ત્રી તરીકેનું મહત્વ સમાજમાં ટકે સમાજમાં તે ક્ષુદ્ર હલકી ન ઠરે સમાજમાં તેનું પણ વિશેષ સ્થાન છે. તે ઉપભોગનું સાધન ન બનતા તેના પ્રત્યેની દૃષ્ટિ સન્માન પૂર્વકનો રહે આ બધો વિચાર ધાર્મિક વ્યવહારમાં અપેક્ષિત છે.

સ્ત્રી એ કેવળ પત્ની જ નથી, તે મા છે, બહેન છે, દીકરી છે. તેના જીવનના વિવિધ પાસા છે અને પ્રત્યેકની અલગ અલગ સુવાસ છે. તેની તે સુવાસ પણ જળવાઈ રહે તે પણ જરૂરી છે,. પુરુષનો પતિ પત્નીનો સંબંધ શારીરિક નિકટતા પૂરતો જ સીમિત નથી પરંતુ તેનું માંનાશિક દૃષ્ટિથી સાનિધ્ય પણ અપેક્ષિત છે તેથી જ તો પતિ પત્નીના સંબંધ માટે... અમે હૃદયથી મનથી એક બનીએ. એ ભાવના અપેક્ષિત છે. વળી સ્ત્રી શ્રેષ્ઠ યાં પુરુષ શ્રેષ્ઠ તેનો ઉત્તર આપતા પૂ.દાદા જણાવે છે કે શ્રેષ્ઠત્વની ભાવના આવી કે કનિષ્ઠ એ ભાવના ઉભી થવાની તેથી આપણી સંસ્કૃતિએ શ્રેષ્ઠ કનિષ્ઠની ભાવના સ્વીકારી નથી.

પતિ પત્ની એ કઠોળ ધાન્યના બે ફાડિયા જેવા છે.

સ્ત્રીને ઉપભોગનું સાધન ગણીશું તો ભોગ્ય વસ્તુ બનશે, ભોગ્ય પદાથ બનશે, સંપત્તિ ગણીશું તો અપહરણ થશે, દેવી ગણીશું તો કેવળ પૂજનીય થઈ જશે સ્ત્રી પુરુષનું સહજીવન શક્ય નહિ થાય. એટલે જ તો સ્ત્રી પુરુષની સમાન છે, સમાનતાની ભાવના દ્વિદલની ભાવના જ શ્રેષ્ઠ ભાવના છે.

આંબો સમગ્રયતા ઉપયોગી વૃક્ષ છે, આંબાનો મોર (ફૂલ) ઠંડો, રૂચિકર તથા લોહી વિકારને મટાડનાર છે, આપણે અહીં એવી વાયકા છે કે આંબાનો મોર વિંછીના ઝેર ઉતારે છે

આંબો અને કેરી નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

માર્કેટમાં ઉનાળાની ઓળખનું એક મહત્ત્વપૂર્ણ પાસુ એટલે કેરીની હાજરી. ફળોનો રાજા કેરી કોઇને અપ્રિય તો નહિં જ હોય. આંબાનું વૃક્ષ પણ શુકનવંતુ છે. આંબા વાવવા એટલે દૂરંદેશી અભિવૃદ્ધિ કરવી આજે વાવેલા આંબા પાંચ દસ વીસ વર્ષે બહુ મીઠા ફળ આપે.

આયુર્વેદના લગભગ તમામ ગ્રંથોએ આંબા અને કેરીના ગુણ ગાયા છે. નિંઘટુમાં પણ કેરીને પ્રાધાન્ય અપાયું છે. યોગરભાકર નામના ગ્રંથમાં તો કેરીને ફલાધિરાજનું સંબોધન અપાયું છે.

આંબો સમગ્રયતા ઉપયોગી વૃક્ષ છે. આંબાનો મોર (ફૂલ) ઠંડો, રૂચિકર તથા લોહી વિકારને મટાડનાર છે. આપણે અહીં એવી વાયકા છે કે આંબાનો મોર વિંછીના ઝેર ઉતારે છે. આંબાનું કુણું પાન પણ રૂચિકર છે. કાચી કેરી પણ રૂચિકર, ભૂખ લગાડનાર છે અને લૂમાં રાહત આપે છે. જો કે વધારે પડતી ખટાસ શરીરને નુકશાન પણ પહોંચાડે છે. પાકી કેરી શરીરને પોષણ આપનાર, બળ વીર્ય, વધારનાર, વર્ણ કર, હૃદયને હિતકર, અગ્નિ વધારનાર છે.

કેરીમાં વિટામીન એ પ્રચૂર માત્રામાં હોય છે. ૧૦૦ ગ્રામ કેરીમાંથી લગભગ ૭૬૫ યુનિટ વિટામીન-એ મળી રહે છે. જે રોજીંદા વપરાશ માટે જરુરી જથ્થાના ૨૫% જેટલું હોય છે. વિટામીન-એ આંખોનાં તેજ માટે ખૂબ જરુરી છે. આ ઉપરાંત કેરીમાં પુરતા પ્રમાણમાં પોટેશિયમ અને સોડિયમ હોય જે હૃદય તેમજ બ્લડપ્રેશર માટે જરુરી છે. આ ઉપરાંત કેરીમાંથી વિટામીન-બી૬, વિટામીન-સી અને વિટામીન-ઇ પણ મળે છે. આ ઉપરાંત કેરીમાં અમુક એન્ટીઓક્સીડન્ટ રહેલા હોય છે. જે શરીરના ઘસારાને રોકવામાં મદદ કરે છે. તેમજ કેરીમાં કોપર રહેલ છે. જે રક્તકણોના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે. આમ, કેરી ખાવાથી હિમોગ્લોબીન વધી શકે. આ ઉપરાંત કેરીમાં ખૂબ બધા ફાઇબર્સ હોય છે જે શરીરના આંતરડાને પોષણ આપે છે.

આમ, કેરી પોષણ તેમજ આરોગ્યની દૃષ્ટિએ ઉત્તમ છે. વળી, મજા એ વાતની છે કે આ બધું જ પોષણ આપણને એક મીઠા મજાના ભાવતાં ફળમાંથી મળે છે, નહિં કે કોઇ કડવી દવામાંથી, આથી, કેરીની મજા માણવી. જે લોકોને ખૂબ પિત્તની તકલીફ હોય, ડાયાબિટીશ હોય કે અમુક પ્રકારના ખાદ્યપદાર્થોથી એલર્જી હોય તેવા લોકોએ ચિકિત્સકની સલાહ લઇને કેરીનો ઉપયોગ કરવો. આટલું જાણ્યાં પછી હવે કેરી ખાવાની ઓર મજા આવશે...